स्वामिश्रीजी

# દીપોત્સવીએ પાંચ અખંડ દીવડા પ્રગટાવીએ !

**'બ્રહ્મનિર્ઝર'**નો આ અંક આપની હથેળીની ઉષ્મા અને આંખોનો પ્રેમ પામી રહ્યો હશે, ત્યારે આ વર્ષની દિવાળીના ઉમંગ, પ્રકાશ અને આનંદ આપના જીવન અને પરિવારમાં પ્રસરી રહ્યા હશે. આપને, પરિવારજનોને તથા આપના સર્વ સુહૃદ સંબંધીઓને દીપોત્સવીનાં વધામણાં અને નૂતનવર્ષ વિક્રમ સંવત ૨૦૮૨ની રૂડી મંગલમય શુભેચ્છાઓ ! ભારતમાં અને સવિશેષપણે હિન્દુ સમાજમાં દિવાળીના ઉત્સવો સૌ વિશેષ ઉલ્લાસથી ઊજવે છે. નૂતનવર્ષના આરંભ સાથે નવી આશાઓ, નવા ઉત્સાહ અને નવા સંકલ્પ સાથે સૌ નવજીવનને વધાવે છે. દિવાળીના ઉત્સવો દરમિયાન દરરોજ ઘરના પાણિયારે અને આંગણે પ્રત્યેક પરિવાર દીપમાળા પ્રગટાવે છે. પ્રકાશવંત દીવડા જીવનમાં શુભત્વ, પવિત્રતા, સકારાત્મકતા, પ્રકાશ, આનંદ, ઉમંગ તથા જ્ઞાનનાં પ્રતીક સમાન છે. આ દીપોત્સવીએ આપણે સૌ પાંચ દીવા અવશ્ય પ્રગટાવીએ.

**પહેલો દીવો પ્રેમનો !** ભગવાનનાં સર્જન સર્વ જીવ-પ્રાણી-માત્ર પ્રત્યે આપણા હૃદયમાંથી સદાય પ્રેમ વહો. આપણાં પરિવારજનો પ્રત્યે અને વિશેષરૂપે આપણા દાંપત્યજીવનમાં, બાળકો સાથેના વ્યવહારમાં અને વડીલો પ્રત્યે આપણા વિચાર અને આચાર સદાય પ્રેમસભર રહો. આપણા સંતો પ્રત્યે આપણા વ્યવહારમાં સહજ પ્રેમ પ્રસરો. આપણી માતૃભૂમિ-આપણા રાષ્ટ્ર ભારત પ્રત્યે આપણો રાષ્ટ્રપ્રેમ સદાય વધતો રહો. આપણા મહાન રાષ્ટ્ર ભારત પ્રત્યે આપણા પ્રેમનું વ્યાવહારિક પ્રગટીકરણ સ્વચ્છતા, સ્વદેશી અને સ્વધર્મનાં નિરંતર અને જાગ્રત પાલનથી થશે અને તે આપણી માતૃભૂમિ પ્રત્યે આપણી પ્રેમસભર સેવા ગણાશે.

**બીજો દીવો આદરનો !** આપણા પરિવારનાં વડીલો તથા માતા અને પિતા પ્રત્યે કે આપણી સાથે સંઘજીવનમાં જીવતા વડીલો-સંતો પ્રત્યે આપણો આદર તેઓ પ્રતિ આપણા વ્યવહારમાં પ્રગટ થાઓ. સદાય આપણાં વડીલો, માતા-પિતા તથા વડીલ સંતોની સેવા, સાર-સંભાળ તથા તેઓને રાજી કરવાના વિચાર આપણને તેઓ પ્રત્યેના આપણા રોજિંદા વ્યવહારમાં આદર પ્રગટ કરવા માટે પ્રેરણા આપતા રહો. તેઓની સેવા એ આપણા સહજ સંસ્કાર બનો. તેઓના પ્રસન્નતારૂપી આશીર્વાદ નૂતનવર્ષે અને શેષજીવનપર્યંત આપણી મહામૂલી મૂડી બનો.

**ત્રીજો દીવો ગુરુમહિમાનો !** ભારતીય આધ્યાત્મિક વિચારમાં ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને સાક્ષાત્ પરબ્રહ્મ તત્ત્વના ધારક દિવ્ય મૂર્તિ માન્યા છે. આપણા ગુરુ પ્રત્યે આપણો મહિમા, તેઓના આપણા જીવનમાં પ્રાપ્ત અનંત આશીર્વાદ પ્રત્યે ધન્યભાવ સહિત તેઓની આજ્ઞાનાં પાલન માટે આપણાં ઉમંગ, આપણી નિષ્ઠા અને આપણા દૃઢ સંકલ્પ દિન-પ્રતિદિન વધુ ને વધુ દૃઢ થતાં જાઓ. ગુરુની આજ્ઞાનું પાલન એ જ સાચા શિષ્ય હોવાનું પ્રથમ લક્ષણ છે તે વાત આપણાં વિચાર અને આચરણમાં દૃઢ થઈ સહજ બનો. ગુરુની આજ્ઞાનું પાલન એ જ ગુરુની સાચી વંદના છે, એ જ ગુરુનું સાચું દર્શન છે – આ વિચાર આપણું સહજ જીવન બનો.

**ચોથો દીવો પ્રતીતિનો !** આપણને પ્રાપ્ત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના તત્ત્વના ધારક સત્પુરુષ પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના સ્વરૂપે આપણને ભગવાનનું સાકાર અને પ્રગટ સ્વરૂપ સહજ પ્રાપ્ત થયું છે ; તેનાં ધન્યભાવ, ઉલ્લાસ, કેફ, મસ્તી અને આનંદ સાથે તેઓના આ દિવ્ય સ્વરૂપની યથાર્થ પ્રતીતિ આપણને જીવનની પ્રત્યેક પળે સહજ અનુભવમાં આવો. ગુરુહરિ સાહેબજીમાં ભગવાનનું તત્ત્વ સાકાર રૂપે માનવસ્વરૂપે પ્રગટ છે તે વાતની પ્રતીતિનો વ્યાવહારિક અર્થ એ થાય કે, આપણા જીવનમાં ભગવાનની સર્વોપરિતા અને કર્તાહર્તાપણાનો સ્વીકાર કરીએ. આ સ્વીકારના પરિણામ સ્વરૂપે સૌમાં પ્રેરક, પ્રવર્તક તથા નિયંતા કેવળ અને કેવળ ભગવાન છે, ભગવાનના તત્ત્વના ધારક ગુરુહરિ સંતભગવંત સાહેબજી છે – તે વાત અને વિચારને જીવનના આચરણમાં મૂકીએ. તેથી, સૌ સહજ રીતે નિર્દોષ મનાય, સૌ સદાય દિવ્ય મનાય. આવી સમ્યક્ નિર્દોષબુદ્ધિ અને સુહૃદ દિવ્યભાવ આપણા જીવનમાં સહજ આનંદ પ્રગટાવશે, હૃદયમાં અખંડ ભગવાન બિરાજમાન કરશે.

**પાંચમો દીવો જ્ઞાનનો !** સર્વ ભારતીય આધ્યાત્મિક શાસ્ત્રનો સાર, સર્વ જ્ઞાનનું જ્ઞાન એટલું જ છે કે હું આ દેહ નથી, મારું મૂળ સ્વરૂપ આત્મા છે, અક્ષર છે. અને, મને મારા ગુરુહરિ રૂપે પ્રાપ્ત ભગવાનના સાકાર સ્વરૂપ વિશે સમ્યક્ નિર્દોષબુદ્ધિએ યુક્ત પ્રતીતિ છે. તેથી, મારો દેહ અને મારું જીવન આ પૃથ્વી પર ભગવાનનાં કાર્યનાં સાધન છે. તો, આ જીવન અને દેહ ભગવાનનું કાર્ય કરવા, ભગવાનની રીતે સેવામાં વપરાય અને તેના એકમાત્ર સુફળરૂપે ભગવાનના પ્રગટ સ્વરૂપ મારા ગુરુહરિની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય તે જ્ઞાનરૂપી દીવાના ઉજાસમાં આપણા શેષ જીવનની પ્રત્યેક પળ પ્રભુને, પ્રભુના પ્રગટ સ્વરૂપ ગુરુહરિ સંતભગવંત સાહેબજીને સમર્પિત થાય તેવી સદૈવ દીપોત્સવીની મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ !

સ્વા. શ્રી...

~ સાધુ મનોજદાસ